સ્પેશીયલ સિવિલ દાવા નંબર ૦૩/૨૦૨૬

**-:: આંક-૧ નીચે હુકમ ::-**

સદર દાવો તારીખ:૦૬/૦૪/૨૦૨૬ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.સદર દાવો વાદી ધ્વારા જાથુનો મનાઈ હુકમ મેળવવા માટેનો (૧)તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,ગધાવાડા(સરવરીયા)તા.બાલાસિનોર,જી.મહીસાગર (૨)સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી,ગધાવાડા(સરવરીયા)તા.બાલાસિનોર,જી.મહીસાગર (૩)નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગ,બાલાસિનોર (૪)કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત)વિભાગ,લુણાવાડા,જી.મહીસાગર (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી,બાલાસિનોર, જી.મહીસાગર વિરુધ્ધ દાખલ કરેલ છે.સદર દાવાનો આંક રૂા.૧૦૦૦/- બાંધેલ છે.

આમ,સદર દાવાના પક્ષકારો જોતાં સદર દાવો સરકારશ્રી સામે કરવામાં આવેલ નથી તથા સદર દાવાની વિષય વસ્તુની કિંમત /મુલ્ય પચ્ચીસ લાખ કરતા વધારેની ન હોય જેથી સદર દાવો રેગ્યુલર દાવા ની કેટેગરીમાં આવે છે પરંતુ સદર દાવો સ્પેશીયલ સીવીલ દાવા તરીકે શરતચુકથી નંબર પાડવામાં આવેલ હોય સિનિયર ડિવીઝન કોર્ટને લગતી સત્તાની રૂએ સદર દાવો સ્પેશીયલ દાવા માંથી રેગ્યુલર દાવા તરીકે ગણી રેગ્યુલર દાવા નંબર રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

સદર દાવો કનવર્ટ અંગેની જરુરી ડેટાએન્ટ્રી સી.આઈ.એસ મોડયુઅલમાં કરાવવી.

22/4/2026

**તા.૨૨/૦૪/૨૦૨૬**

**(એમ.બી.દવે)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
બાલાસિનોર.જી.મહીસાગર.